<u>ફોજદારી ઈન્કવાયરી નં. 9841/૨૦૨૫</u>

**<u>૨૫ મા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ શહેર</u>**
**<u>( એન.આઈ.એકટની કોર્ટ નં. ૩૪)</u>**

**:: આંક–૦૧ લગત હુકમ ::**

૧. ફરીયાદી તર્ફે વિ.વકિલશ્રી હાજર,તેઓની રજુઆત સાંભળવામાં આવી. રજુઆતની વિગતે તેઓ ધ્વારા ફરીયાદની વિગત મુજબની વિગત જણાવી હાલની ફરીયાદ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની જોગવાઈ અનુસારની હોવાનુ જણાવી ફરીયાદ રજીસ્ટરે લેવા અરજ કરેલ છે.વધુમાં ફરીયાદી તર્ફે એવી રજુઆત પણ છે કે, ઈ.સી.એસ. મેન્ડેટ આરોપીના નામનો છે તે પરત થતા આરોપીને નોટીસ આપેલ છે,નોટીસની બજવણી આરોપીને થયેલ છે , નોટીસ મુજબનુ વર્તન થયેલ નથી, કાયદાની જોગવાઈમાં આરોપીનુ કૃત્ય પડતુ હોઈ તે સંજોગે આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ કેસ રજીસ્ટર કરી સમન્સ ઇસ્યુ કરવા હુકમ કરવો જોઈએ.

૨. ફરીયાદ હકીકત વંચાણે લીધી,રજુઆત ધ્યાને લીધી, ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોગંદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લીધુ, **નામદાર સર્વોચ્ચ <u>અદાલતના રીટ પીટીશન (સીવીલ)૧૮/૨૦૧૩ ઈન્ડીયન બેંક એસોશીએન અને અન્ય વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને અન્ય</u>** માં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લીધા. રજુ દસ્તાવેજી આધાર અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, હાલની ફરીયાદ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ અન્વયેની છે ત્યારે સદર કેસની કાર્યવાહી ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈઓને લાગુ પડતી હોવાનુ પ્રથમ દર્શને જણાઈ આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જો ફરીયાદ, પુરાવાનું સોગંદનામું અને દસ્તાવેજો ધ્યાને લઈને પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો જણાઈ આવતો હોય તો, ગુન્હાનું સીધુ કોગ્નીઝન્સ પણ લઈ શકાય છે. આમ સમગ્ર પુરાવા રજુઆત નજર સમક્ષ રાખી પરીણામ સ્વરૂપ આ કામે નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**<u>હુકમ</u>**

હાલની આ ઈન્કવાયરી આથી ફેસલ કરી, સદર ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ની કલમ ૨૨૭ અન્વયે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ મુજબના ગુન્હા સબબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરુધ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ફરી મુદત તા. 11/08/૨૦૨૫**

સ્થળ:– અમદાવાદ.
તા. **9/6/૨૦૨૫**

૨૫માં એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૩૪,અમદાવાદ શહેર